# જન્મદિને વધામણી



ધવલસિંહ અરવિંદસિંહ વાઘેલા
મો. ૯૯૨૫૫૯૮૨૭૩



કુસુમબેન જોષી
લાયોનેસ કલબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં યોજાયો વાર્ષિક રમતોત્સવ



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે ૭મો વાર્ષિક સ્પોર્ટ્સ ડે અને ફનફેર ભવ્ય રીતે યોજવામાં આવ્યો હતો. અતિથિઓનું સ્વાગત વિદ્યાર્થીઓ દ્વારા શાનદાર માર્ચ પાસ્ટ સાથે કરવામાં આવ્યું હતું. રમતોત્સવની શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા રમતના નિયમોનું સંપૂર્ણ પાલન કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, કબડ્ડી, ગોળાફેંક, વૉલીબૉલ, બરછીફેંક, રસ્સા ખેંચ, લીંબુ-ચમચી જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી અને મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને ત્યારબાદ ફનફેરનો આનંદ પણ લૂંટ્યો હતો.

# માઉન્ટ કાર્મેલ શાળામાં પુસ્તક મેળો





ગાંધીનગર, તા. ૧૦

સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં તા. ૯ અને ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોનાં સર્વાંગી વિકાસ માં વાચન અગત્યનો ભાગ ભજવે છે. જેમાં "શ્રી", "સોલાસ્ટીક" તથા 'નવનીત' પબ્લિકેશન દ્વારા પુસ્તકમેળો યોજાયો હતો. વિદ્યાર્થીઓએ રસ દાખવ્યો હતો અને વિવિધ પ્રકારના પુસ્તકો ખરીદ્યા હતા.

આ પુસ્તકમેળા દરમિયાન તેની કલગી સમાન એક લેખક કોર્નરનું પણ આયોજન હતું. જેમાં વિદ્યાર્થીઓએ અંગ્રેજી તથા ગુજરાતી લેખકોની માહિતીનો રસથાળ પીરસ્યો હતો. આ પ્રવૃતિ અંતર્ગત ગયા અઠવાડિયાઓમાં ગુજરાતી તથા અંગ્રેજી લેખકો અને કવિઓની માહિતી "રીડર કલબ"ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાની પ્રાર્થનાસભા દરમિયાન આપવામાં આવી હતી.

### ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે

# સંત સાહિત્ય વિષયે આજે ગાંધીનગરમાં સાહિત્યિક પરિસંવાદ યોજવામાં આવશે

## પરિસંવાદ અંતર્ગત ગૌરાંગશરણ દેવાચાર્યજી, અંબાદાન રોહડિયા, કનુ આચાર્ય 'દિલ' અને ભીખુ કવિ વક્તવ્યો આપશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય' વિષયે સાહિત્યિક પરિસંવાદનું આયોજન ૧૧ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર શહેરમાં કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર અજયસિંહ ચૌહાણે જણાવ્યું છે કે રવિવાર, તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ સર્વ વિદ્યાલય પરિસરમાં સ્થિત બ્રહ્માણી કૃપા મૅમોરિયલ હૉલ, સૅક્ટર-૨૩ ખાતે આ પરિસંવાદ આયોજિત કરવામાં આવ્યો છે.

સવારે ૯.૩૦થી ૧૦.૦૦ દરમિયાન રજિસ્ટ્રેશન, અલ્પાહાર અને ત્યારબાદ ૧૦ કલાકથી ઉદ્‌ઘાટન વિધિ અને પરિસંવાદ યોજવામાં આવશે. ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા, અતિથિ વિશેષ તરીકે ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, સાહિત્યભાવક કપિલ શાહ ઉપસ્થિત રહેશે. સર્વ વિદ્યાલય કૅમ્પસના ડિરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ આ પ્રસંગને શોભાવશે.

પરિસંવાદ અંતર્ગત 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય - પૌરાણિક સાહિત્ય સંદર્ભે' વિષયે શ્રી નિમ્બાર્ક શોધ સંસ્થાન, હિન્દુ રિસર્ચ ફાઉન્ડેશન, હિંમતનગરના નિર્દેશક ગૌરાંગશરણ દેવાચાર્યજી, 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય - ચારણી સાહિત્ય સંદર્ભે' વિષયે ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટના નિયામક અંબાદાન રોહડિયા, 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય, લોકસંત સાહિત્ય' વિષયે લોકસાહિત્યકાર, નવલકથાકાર કનુ આચાર્ય 'દિલ' અને 'મીર કોમની ઓળખ અને અભ્યાસ' વિષયે મીર કોમના જાણીતા વિદ્વાન ભીખુ કવિ દ્વારા વક્તવ્ય આપવામાં આવશે. સૌ સાહિત્યરસિકો, ભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે આયોજક સંસ્થાઓ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નિર્મા યુનિવર્સિટી ખાતે શુક્રવારે સ્માર્ટ લેક્ચર યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ, નિર્મા યુનિવર્સિટી ખાતે શુક્રવારે સવારે સ્માર્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે પ્રણવ દેસાઈ (વીઓએસએપી પ્રણેતા) ઉપસ્થિત રહ્યા હતા. લેક્ચરનો વિષય હતો 'પોતાની જવાબદારીને દિવ્યાંગજન માટે જગાડવી.'

આ પ્રસંગે પ્રેરક વક્તા મનીષાબેન પાઠકે ગીતાના શ્લોકનું વિશ્લેષણ કરતાં સમજાવ્યું હતું કે શ્રીકૃષ્ણ ભગવાન દ્રૌપદીને કહે છે કે 'જે માણસ પોતાનું દર્દ જુએ છે એ અધર્મ કરે છે પરંતુ જે બીજાનું દર્દ જુએ છે તે ધર્મ કરે છે.' હાર્દિકભાઈ દવે તથા આશિષભાઈ દ્વારા સૌને વીઓએસએપી (વોઈસ ઓફ સ્પેશિયલી એબલ્ડ પીપલ)ની સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓએ વીઓએસપી અંગે પ્રતિજ્ઞા પણ લીધી હતી અને દિવ્યાંગજનોને સહાય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જાહેર જગ્યાઓ પર અવરજવર માટે દિવ્યાંગજનોને સરળતા થાય તેવી વ્યવસ્થા કરવાનો નિર્ધાર પણ આ વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# તમે માનો તો સંસાર દુ:ખમય છે પણ જો વિચારો તો આનંદમય છે

ગાંધીનગર, તા. ૧૦

ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર છે ત્યારે તેજસ્વી સુદામા તેમના આ મિત્ર દ્વારિકાધીશને મળવા જાય છે ત્યારે શ્રીકૃષ્ણએ જોયું કે તેના ભાગ્યમાં તો શ્રીનો ક્ષય છે ત્યારે ભગવાને પોતાના મિત્રની ભાગ્યરેખા બદલવાનું કાર્ય કર્યુ અને ભગવાને જાણી જોઈ ઊંધેથી વાંચ્યું અને 'શ્રી ક્ષય'નો યોગ પરિવર્તિત થઈ 'યક્ષ શ્રી' યોગ થઈ ગયો. 'કૃષ્ણે કરુણા કરી અને ભાગ્યની રેખા ફરી'... આ રીતે ભગવાનની કરુણા થાય ત્યારે ભાગ્યની રેખા પણ બદલાઈ જાય છે, એમ જાણીતા કથાકાર પૂ.રમેશભાઈ ઓઝાએ અષ્ટ દિવસીય શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનાં છઠ્ઠા દિવસે, શુક્રવારે વસ્ત્રાપુર તળાવ પાસેનાં 'હરિહર ધામ', બોડકદેવ ખાતે જણાવ્યું છે. પૂ.ભાઈશ્રીએ જણાવ્યું કે ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે. જગત સદ્‌ગુણની અભિવ્યક્તિ છે, પણ જ્યાં સુધી આનંદ અપ્રગટ છે ત્યાં સુધી દુ:ખ રહેશે. વ્યક્તિ અશાંત રહેશે. તમે માનો તો સંસાર દુ:ખમય છે, પણ જો વિચારો તો આનંદમય છે. શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ તા.૧૦ ફેબ્રુઆરી દરમિયાન કથા બપોરે ૩થી સાંજે ૭ અને તા.૧૧મીએ કથાનો સમય સવાર ૯.૩૦થી બપોરે ૧.૩૦નો રહેશે. આ જ્ઞાનયજ્ઞનું આયોજન માલધારી સમાજના દાનવીર રત્ન, પૂર્વ ધારાસભ્ય-કાંકરેજ બાબુભાઈ જે. દેસાઈ (મકતુપુર) દ્વારા તરભ ખાતે વાળીનાથ મહાદેવના નૂતન શિવાલયના નિર્માણ અર્થે આ કથાનું આયોજન થયું છે.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# "એક્ષ્પોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન" કોર્સની દ્વિતીય બેચની શરૂઆત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ધો.૧૨ ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો હતો. પ્રથમ બેચને અભૂતપૂર્વ સફળતા મળ્યા બાદ દ્વિતીય બેચ માટે વિદ્યાર્થીઓ એ ઉત્સાહ બતાવતા સંસ્થા દ્વારા દ્વિતીય બેચ ખુબ ટૂંકા સમય માં શરુ કરવામાં આવી જેમાં હાલ ૨૫ વિદ્યાર્થીઓ જોડાઈ ચુક્યા છે. તેમજ અનેક વિદ્યાર્થીઓએ જોડવા માટેની ઉત્સુકતા દર્શાવી છે. દ્વિતીય બેચની શરૂઆત આચાર્યશ્રી ડો. રમાકાંત પૃષ્ટિની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. તેઓએ વિદ્યાર્થીઓને સાંપ્રત સમયની માંગ મુજબનો સર્ટીફીકેટ કોર્સમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ આ કોર્સમાં આવરી લેવામાં આવતા તમામ મુદ્દાઓની ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામના પાઠવી હતી.



પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના દ્વારા એક્સપોર્ટ ડોક્યુમેન્ટેશનની મહત્તા બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. આ કોર્સમાં તાલીમ આપવા આવનાર તજજ્ઞ લોકોનો વિદ્યાર્થીઓ મહત્તમ લાભ ઉઠાવે તેમ તેઓએ જણાવ્યું હતું. આજના યુગમાં વિદ્યાર્થીઓએ સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મુકવો જરૂરી બન્યો છે. મેનેજમેન્ટનો વિદ્યાર્થી સફળતા ત્યારે જ હાંસલ કરી શકે જયારે તેમનામાં ધંધાકીય કાર્યોના દરેક ક્ષેત્રે નિપુણતા કેળવેલ હોય. સાંપ્રત સમયમાં ભારતના અર્થતંત્રમાં ધરખમ ફેરફારો જણાઈ રહ્યા છે. તેમજ વિદેશ વ્યપાર નીતિ દ્વારા અર્થતંત્ર મજબુત કરવાના દેશના પ્રયાસોમાં અત્રેની કોલેજ દ્વારા એક્સપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશનનો કોર્સ શરુ કર્યો. કારણ કે આગામી દિવસોમાં એક્સપોર્ટ-ઈનપોર્ટ એક્ટીવીટીને લગતા ધંધાકીય ક્ષેત્રના અલગ-અલગ કર્યો માટેની નિપુણ અને જ્ઞાનકૌશલ્ય વર્ધક મેનપાવરની તાતી માંગ ઉભી થનાર છે. આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓની "કોન્પીટન્સી" ડેવલોપ થશે જે તેઓના નોકરી મેળવવા તેમજ ધંધાકીય એકમની સ્થ્ગપના કરવામાં ખુબ ઉપયોગી સાબિત થશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોર્સ કોઓર્ડીનેટર ડો.આશિષ ભુવા આજે પ્રથમ દિવસે જગજીતસિંઘ મુલતાની દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. જેઓ કસ્ટમ વિભાગ ભારત સરકાર માં કાર્યરત છે. તેમજ ઉપરોક્ત વિષય બાબતે ઊંડો અનુભવ ધરાવે છે. આથી વિદ્યાર્થીઓ તેમના માર્ગદર્શનથી અનેક મહત્વના પાસાઓ સમજશે. સમગ્ર સર્ટીફીકેટ કોર્સ બાબતે કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના તેમજ ડો. આશિષ ભુવા દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવામાં આવી હતી.

# બ્રહ્માકુમારીઝ દ્વારા શિવરાત્રી નિમિત્તે અદ્‌ભૂત શિવ દર્શન મેળાનું આયોજન




ગાંધીનગર, તા. ૧૦

વિશ્વની સર્વ મનુષ્યાત્માઓના કલ્યાણકારી, નિરાકાર, જ્યોતિસ્વરૂપ, સર્વગુણોના સાગર, પતિતપાવન, દેવોના દેવ મહાદેવ, શિવ પરમાત્માના ગીતાના વાયદા અનુસાર વિશ્વધરા પર દિવ્ય અવતરણની યાદગારનો તહેવાર એટલે મહાશિવરાત્રી.

શિવ પરમાત્માના ગુણોથી જીવનને મૂલ્યવાન બનાવી વર્તમાન તણાવ, ટેન્શનભર્યા વાતાવરણમાં થોડી શાંતિનો અનુભવ કરી સમસ્યાઓનાં સરળ સમાધાન તથા વિજ્ઞાનની સાથે જ્ઞાનનો સમન્વય વગેરે લક્ષ્ય સાથે બ્રહ્માકુમારીઝ દ્વારા શિવરાત્રી નિમિત્તે એક અદ્‌ભૂત શિવ દર્શન મેળાનું આયોજન કુવાડવા રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

મેળામાં આકર્ષણનું કેન્દ્ર અદ્‌ભૂત મહાકાય અજગર શો, વિરાટકાય કુંભકર્ણ શો તેમજ અમરનાથની બર્ફીલી ગુફા, દ્વાદશ જ્યોતિર્લિંગ દર્શન, વેલ્યુ ગેમ્સ, અનેક ગૂઢ રહસ્યો તથા મૂવિંગ મોડલ્સ પણ છે. પ્રતિ સાંજે ૭ વાગે મહાઆરતી તથા શિવ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન આ મેળા અંતર્ગત કરવામાં આવ્યું છે.

આ શિવદર્શન મેળાનું આયોજન રાજકોટના અગ્રગણ્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું, જેમાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, મુકેશભાઈ દોશી (દીકરાનું ઘર), અમદાવાદનાં રાજયોગિની નેહાબેન, ભારતીદીદી, રેખાબેન અને અંજુબેન સામેલ હતાં.


મેળાનું ઉદ્‌ઘાટન ૯મીના રોજ કરવામાં આવ્યું છે અને આગામી તા. ૧૮ ફેબ્રુઆરી સુધી સવારે ૧૦થી સાંજના ૧૦ કલાક સુધી આ મેળો ખુલ્લો રહેશે. મેળામાં સૌ કોઈ માટે પ્રવેશ વિનામૂલ્યે રાખવામાં આવ્યો છે. સૌ ભાવકોને આ મેળાનો લાભ લેવા માટે બ્રહ્માકુમારીઝ સંસ્થા તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.


### પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા

# અબુધાબીમાં રચાઈ રહેલું હિન્દુ મંદિર શ્રદ્ધા સાથે મૈત્રીનું બનશે પ્રતીક

ગાંધીનગર, તા. ૧૦

આવતી કાલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન સાથે લોન્ચ થઈ રહેલા હિન્દુ મંદિરના વિધિવત્ કાર્યક્રમની તૈયારીઓને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. આ મંદિરનાં નિર્માણનું સૂત્ર સંભાળી રહેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સાધુ બ્રહ્મવિહારીદાસે અબુધાબીથી જણાવ્યું હતું કે "યુનાઈટેડ આરબ અમીરાત(યુ.એ.ઈ.)ની મુખ્ય રાજધાની અબુધાબીના ક્રાઉન પ્રિન્સ દ્વારા અબુધાબી ખાતે આપવામાં આવેલ જમીન પર હિન્દુ મંદિરના નિર્માણનો આરંભ થઈ રહ્યો છે, એ ઘટના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોની વૈશ્વિક સંવાદિતાનો એક મજબૂત અને સંગીન સંદેશ બની રહી છે. ખાસ કરીને એકવીસમી શતાબ્દીમાં વિશ્વ જ્યારે સ્વાર્થી કારણોને લીધે ટુકડા ટુકડામાં ખંડિત થઈ રહ્યું છે, ત્યારે આવું ઉદાત્ત પગલું અનેકતામાં એકતાની આશાને ઉજ્જવળ બનાવે છે. યુ.એ.ઈ.ના સ્થાપકોના એકતા અને સહિષ્ણુતાના આદર્શોને સંગીન બનાવે છે. અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શ્રી શેખ મહોમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન, ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા બંને દેશોના લોકોની સંવાદિતા માટેની કટિબદ્ધતા બદલ અમે સૌના આભારી છીએ."





છેલ્લા ૨૦ વર્ષથી મધ્યપૂર્વના આરબ દેશોમાં નિયમિત મુલાકાત લઈને બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિનું સંચાલન કરતા સાધુ બ્રહ્મવિહારીદાસે અબુધાબી ખાતે થઈ રહેલા હિન્દુ મંદિરની વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે યુ.એ.ઈ.ના આ હિન્દુ મંદિરની ડિઝાઈન, તેનું નિર્માણ અને તેના સંચાલન માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને પસંદ કરવામાં આવી છે, તે બદલ સંસ્થા યુ.એ.ઈ.ના શાસકો તથા ભારત સરકારના વિનમ્રતા સાથે સન્માન અનુભવે છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં ફેલાયેલાં બી.એ.પી.એસ.નાં ભવ્ય અક્ષરધામ તેમજ ૧૨૦૦ કરતાં વધુ મંદિરો પૈકી કેટલાંય મંદિરોને આર્ટ અને આર્કિટેક્ચર, સૌંદર્ય અને કૌશલ્ય, સામાજિક કાર્યો અને પર્યાવરણીય બાબતોને કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા છે. મધ્યપૂર્વના આરબ દેશોમાં રચાઈ રહેલું પથ્થરમાંથી નિર્મિત આ સર્વપ્રથમ મંદિર અનેક દૃષ્ટિકોણથી એક અદ્વિતીય અને અનોખું મંદિર બની રહેશે, જે મહાન સંત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અને તેમના અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રચાઈ રહ્યું છે.

દુબઈ-અબુધાબી હાઈવે પર અબુ મુરૈકાહ ખાતે રચાઈ રહેલું પરંપરાગત શૈલીનું આ હિન્દુ મંદિર, એક મંદિર તરીકેના તમામ પાસાંઓને આવરી લેશે એટલું જ નહીં, તે એક પૂર્ણ અર્થમાં સામાજિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક પરિસર બનશે. આ પથ્થરમાંથી નિર્મિત થનારા આ મંદિરનું ઘડતરકામ ભારતીય કારીગરો દ્વારા ભારતમાં થશે અને અબુધાબી ખાતે તેનું નિર્માણ થશે. વિઝીટર સેન્ટર, પ્રાર્થના ખંડો, પ્રદર્શનો, મૂલ્યો શિખવતાં ખંડો, બાળકો અને યુવાનો માટે સ્પોર્ટ્સ સુવિધાઓ, થિમેટિક બગીચાઓ, જળસંશાધનો, ફૂટકોર્ટ બુકસ્ટોલ વગેરે જેવી સુવિધાઓ સાથેના આ મંદિરનું નિર્માણકાર્ય સન ૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઈ જાય તેવી આશા સેવાઈ રહી છે. બધી જ માન્યતા અને ભૂમિકાવાળા તમામ લોકો માટે ખુલ્લું આ મંદિર ધર્મ અને જાતિના ભેદથી પર હશે, જે યુ.એ.ઈ.ના પ્રેમ, સહિષ્ણુતા, સંવાદિતા તથા શાંતિપૂર્ણ સહઅસ્તિત્વના એક ઉદાત્ત હેતુઓને સાર્થક કરશે. આ મંદિર હિન્દુ ધર્મની પરંપરાગત ધાર્મિક વિધિવિધાનો સાથે યુ.એ.ઈ. ખાતે રહેતા ૩૩ લાખથી વધુ ભારતીયો અને પ્રવાસી તરીકે આવતા અનેક લોકોને આંતરધર્મીય સંવાદ, પ્લુરલિઝમ અને વૈશ્વિક માનવીય મૂલ્યોની પ્રેરણા આપશે. આ ઉપરાંત, બાળકો તથા આવનારી અનેક પેઢીઓને આ મંદિર ઉજ્જવળ ભાવિની દિશા ચીંધે છે. યુ.એ.ઈ.ની સ્કાયલાઈનમાં આ મંદિર એક લેન્ડમાર્ક તરીકે ઉપરાશે. જે સૌંદર્ય, શાંતિ, આધ્યાત્મિકતા અને સંવાદિતાની જ્યોતિ બની રહેશે. તેમજ શ્રદ્ધા અને મૈત્રીનું એક વૈશ્વિક પ્રતીક બની રહેશે.